ક્રમાંક-૧૭

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**પ્રવેશ સમયે માનનીય ધારાસભ્યશ્રીઓના ચેકીંગ બાબત**

સભ્યશ્રી અમિત ચાવડાએ આજ રોજ કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓને સચિવાલય સંકુલ તેમજ વિધાનસભા સંકુલમાં પ્રવેશ સમયે થયેલા ચેકીંગ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી લલિતભાઇ કગથરા, શ્રી ભગાભાઇ બારડ, માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ તમામ બાબતો તપાસી યોગ્ય કાર્યવાહી કરશે તેમ જણાવ્યું.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરી**

(ક) સોમવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨ અને ૩ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૪ થી ૨૧૭ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ અગિયારમી, બારમી, તેરમી અને ચૌદમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૬ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ રજૂ કરી.

માગણી ક્રમાંક-૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૧૧ અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૪. માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આજની ઘટના સંદર્ભે વિપક્ષની રજૂઆતને ધ્યાને લઇ તમામ ધારાસભ્યશ્રીઓનું સન્માન જળવાય તે બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ બાબતે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૭ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ રજૂ કરી. સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૨, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમારે રજૂ કરી તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫ અને ૨૭, માગણી ક્રમાંક-૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧, માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૨, ૪૪, ૪૬, ૪૭ અને ૪૮ તથા માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

**૬. ગૃહની બેઠક મુલતવી રાખવી**

માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશે વન સંરક્ષકની જાહેર પરીક્ષા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો. જેને માનનીય અધ્યક્ષશ્રીએ પરવાનગી ન આપતાં, વિપક્ષના વેલમાં આવેલ સભ્યશ્રીઓ શ્રી પુનાભાઇ ગામીત, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી રાજેશભાઇ ગોહિલ, શ્રી મોહનલાલ વાળા, શ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી કાળાભાઇ ડાભી વગેરેને માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સાર્જન્ટો દ્વારા બહાર લઇ જવામાં

આવ્યા. વિપક્ષના તમામ સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર થતાં, માનનીય અધ્યક્ષશ્રી દ્વારા શાંતિ જાળવવાની વારંવારની અપીલ છતાં સૂત્રોચ્ચાર અને પ્રદર્શન ચાલુ રહેતાં સભાગૃહની કાર્યવાહી ચલાવવાનું અશક્ય જણાતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ ૧૫ મિનિટ માટે મુલતવી રાખ્યું. **(બપોરના ૧.૧૭)**

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧.૩૫ વાગ્યે ફરી મળ્યું.**

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી ભગાભાઇ બારડ
(૫) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ

**૮. પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ દ્વારા ઉચ્ચારાયેલ સોશિયલ મિડીયા અંગેના શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના તથા સરકારના તાબામાં ન હોઇ સભાગૃહમાં આ બાબત ઉપસ્થિત કરી શકાય નહીં તે બાબતે પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશનનો મુદ્દો ઉપસ્થિત કર્યો જેને માનનીય અધ્યક્ષશ્રીએ ગ્રાહ્ય રાખ્યો.

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી હર્ષદકુમાર રીબડીયા

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી દિલીપકુમાર ઠાકોર

**૧૦. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

માનનીય વિપક્ષના દંડક ડો. સી.જે. ચાવડાએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઉપરની માગણીઓ પર વિપક્ષના સભ્યશ્રીઓને વધુ તક મળે તે માટે ૨૦ મિનિટ જેટલો વધારે સમય ફાળવવા માટેની દરખાસ્ત કરતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ દરખાસ્તને ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વિપક્ષને ૨૦ મિનિટનો સમય વધારે આપવાની જાહેરાત કરી.

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી નૌશાદ સોલંકી
(૧૦) શ્રી શૈલેષ પરમાર
(૧૧) શ્રી ભરતભાઇ પટેલ
(૧૨) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૩) શ્રી બાબુભાઇ વાજા
(૧૪) શ્રી જશપાલસિંહ પઢિયાર
(૧૫) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૬) શ્રી મોહનસિંહ રાઠવા
(૧૭) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૮) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૯) શ્રી સુખરામભાઇ રાઠવા(વિપક્ષના નેતાશ્રી)

ત્યારબાદ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ વન અને પર્યાવરણ તથા કલાઇમેટ ચેન્જ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૭, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૨, ૯૫ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**માનનીય રાજ્યપાલશ્રીના પ્રાકૃતિક ખેતી પરના વર્કશોપ બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ આજ તા.૨૮મી માર્ચ ૨૦૨૨ના રોજ રાજ ભવન ખાતે સાંજના ૭.૦૦ વાગ્યે પ્રાકૃતિક ખેતી પર એક વર્કશોપનું આયોજન કરેલ છે જેમાં માનનીય રાજ્યપાલશ્રીએ આમંત્રણ આપેલ છે તેવી જાહેરાત કરી સૌ સભ્યશ્રીઓને હાજર રહેવા વિનંતી કરી.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૮મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**